Letter No: WCDD/0312/07/2023 Dt: 27-07-2023

આધાર નોધણાની કામગારી માટે જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટ તેમજ ઘટક કક્ષાએ આધાર નોંધણી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/19/B1

સચિવાલય ગાંધીનગર

**વંચાણે લીધાઃ-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા. ૧૯/૦૮/૨૦૧૯
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૪૬૨/બ-૧,, તા.૦૯/૦૭/૨૦૨૦
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૪૬૨/બ-૧, તા.૨૨/૦૩/૨૦૨૧
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૪૬૨/બ-૧, તા.૧૭/૦૩/૨૦૨૨

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા અને ઘટક કક્ષાએ કન્સલ્ટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરની સેવા ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા (૨), (૩) અને (૪) પરના ઠરાવથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવામાં આવેલ હતી. આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટ (UID) અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટ (UID)ની સેવાઓ માસિક રૂ.૨૦,૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય) લેખે અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ માસિક રૂ.૧૪,૦૦૦/-(અન્ય ચાર્જીસ સિવાય) હાલ લેવામાં આવી રહી હોવાની શરતે આ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧-માસની મુદત પૂર્ણ થયા તા.૨૮/૦૨/૨૦૨૩ થી વધુ ૧૧-માસ માટે મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો એક માસ અગાઉથી આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૧/૦૭/૨૦૨૩ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
4. નાયબ નિયામકશ્રી વિભાગીય, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.08.08
13:24:29 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/0019/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*